# હું સાવજની ત્રાડ, હું ગરવી ભાષા લચકાતી



## મેનેજમેન્ટ ફંડા

એન. રઘુરામન
raghu@bhaskarnet.com

## સમાજમાં પરિવર્તન માટે પરંપરાને અનુસરો નહીં

**જો**સ મેરી વિન્સેન્ટ કોટિનો ગોવાની રાજધાની પણજીથી થોડે દૂર આવેલા નાનકડા ગામ અજરામાં રહે છે. તેની પાસે કેટલાક ટ્રક અને ખેતી માટે થોડા એકર જમીન છે. અહીંના ખાણમાલિકો દ્વારા ખોદકામ સંબંધિત ગતિવિધિઓમાં તેના ટ્રકોની સેવાઓ લેવાતી રહી છે. જોકે ગોવામાં ખોદકામ પર પ્રતિબંધ મુકાતા તેના ટ્રક ખેતરમાં ધૂળ ખાઈ રહ્યાં છે. કોટિનોને વ્યવસાય બંધ થવા અંગે ચિંતા નથી. તે આખો દિવસ પોતાના ખેતરમાં કામ કરે છે અને સાંજ પડતાં ટ્રક ડ્રાઈવરો પાસે આખા દિવસની ગતિવિધિઓ અંગે માહિતી મેળવે છે. હવે તેના ટ્રક ચાલતા નથી, આથી તેને પોતાના 18 કલાકના શિડ્યુલમાં થોડો આરામ મળ્યો છે. ગોવામાં મોટાભાગના લોકો આટલું બધું કામ કરતાં નથી. આ વર્ષ 19 ડિસેમ્બરે ગોવાના 51મા મુક્તિ દિવસ સમયે હું ત્યાંના અનેક લોકોને મળ્યો, જે આ રાજ્યનો ચહેરો બદલવા તૈયાર હતા. ગોવામાં એક મોટી હોડીમાં લાઈવ મ્યુઝિકલ પરફોર્મન્સ નવી વાત નથી. પરંતુ 51મા મુક્તિ દિવસે અહીં 'હવા નાગિલા' બેન્ડની હાજરી જરૂર નવીન હતી. આ બેન્ડનો જન્મ એકયુદ્ધમાંથી થયો છે. ઇઝરાયેલમાં 2006ની લડાઈ દરમિયાન તિબેરિયાસમાં થયેલા જબરદસ્ત બોમ્બ વિસ્ફોટ બાદ દાવીદ સ્મદાર, જોયે સ્મદાર અને અશર અજુએલોસ પોતાનો રોજગાર ગુમાવી બેઠા હતા. આવી જ સ્થિતિમાં તેઓ સમુદ્રમાં એક લાકડાની હોડી પર બેઠાબેઠા ખુદને ખુશ કરવા સ્થાનિક ગીત ગાવા લાગ્યા. ત્યાર બાદ તેમણે પોતાના આ ગીતોનું સંકલન કરીને પ્રથમ સીડી 'હવા નાગિલા' રજૂ કરી. જેના પાછળ તેમનો હેતુ દેશના તમામ નાગરિકોમાં ઉજ્જવળ ભવિષ્યની આશા જગાડવાની સાથે શાંતિનો સંદેશો પ્રસારિત કરવાનો હતો. 2006માં રજૂ થયેલી આ સીડી દુનિયાભરમાં હિટ થઈ અને તેમને પણ આખા વિશ્વમાં પ્રસિદ્ધિ મળી. તેમને ઠેર-ઠેરથી રજૂઆત માટે આમંત્રણ મળવા લાગ્યાં. આ તેમની પ્રથમ ભારતીય મુલાકાત હતી.

> સમાજમાં પરિવર્તન લાવવા નવી પહેલ કરવી પડે છે

**ફંડા એ છે કે,** જો તમે સમાજમાં કેટલુંક વ્યાપક પરિવર્તન લાવવા માગો છો તો તમારે એક જૂની કહેવતને વળગી રહેવાની જરૂર નથી કે 'રોમમાં રોમન બનો', એટલે કે વિદેશમાં વિદેશીઓની જેમ રહો. જો તમે પરિવર્તન ઈચ્છો છો તો રોમમાં રોમન બનવાની જરૂર નથી.




ભગવાનદાસભાઈ પટેલ, બેઠકના સંચાલક દક્ષાબેન વ્યાસ, જયાનંદભાઈ જોશી, વિક્રમભાઈ ચૌધરી અને ડાહ્યાભાઈ વાઢુએ લોકસાહિત્ય પર પ્રકાશ પાડ્યો હતો. ■ હેતલ શાહ

3 Day જ્ઞાનસત્ર

## જ્ઞાનસત્રના છેલ્લા દિવસે લોકસાહિત્યનો ખજાનો ખોલવામાં આવ્યો, આદિવાસી સંગીત અને નૃત્યની ઝલક રજૂ કરાઈ, ગુજરાતી વિષય ફરજિયાત કરવા ઠરાવ પસાર કરાયો

**અરવિંદ ગોંડલિયા.** સુરત

કાલીદાસને પણ કદાચ ઈર્ષ્યા જાગે એવી ઉપમાઓ અને ફેન્ટસી ધરાવતા લોકસાહિત્ય વિશેની રસપ્રદ વાતો અને એની સાથોસાથ સાહિત્યરસિકોએ સ્ક્રિન પર આદિવાસી નૃત્ય અને સંગીત પણ માણ્યું હતું. વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં આયોજિત જ્ઞાનસત્રના છેલ્લા દિવસે રવિવારે લોકસાહિત્યનો ખજાનો ખોલવામાં આવ્યો હતો. સૌથી મજા પડે એવી વાત એ હતી કે, લોકસાહિત્ય એટલે કે કલમ વિનાના સાહિત્ય વિશેની વાતો બાદ ઓડિયન્સે તો વક્તાઓને લોકબોલી સંભળાવવા કહ્યું. અજાણી બોલીને તાળીઓના ગડગડાહટથી વધાવી લેવામાં આવી હતી. ખાસ વાત એ છે કે, અહીં સાહિત્યપ્રેમીઓએ કુંકણા, ધોડિયા અને ચૌધરી જેવી લોકબોલીની મજા માણી તો અહીં દેવવાણી એટલે કે સંસ્કૃત પણ ગુંજી ઊઠી હતી. સ્પોર્ટ્સ, યુવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશ ઝાએ સંસ્કૃતમાં વક્તવ્ય આપ્યું હતું. જ્ઞાનસત્રમાં ગુજરાતી સાહિત્યને ડિજિટલાઈઝ્ડ કરવા પર ભાર મુકાયો હતો.



જ્ઞાનસત્રની અંતિમ બેઠકમાં પણ મોટી સંખ્યામાં સ્ટુડન્ટ્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

### ઉચ્ચતર માધ્યમિકમાં પણ ગુજરાતી ભાષા ફરજિયાત કરો

જ્ઞાનસત્રની અંતિમ બેઠકમાં ગુજરાતી ભાષાના સંવર્ધન માટે રવીન્દ્ર પારેખ દ્વારા એક ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં જણાવાયું હતું કે, માધ્યમિકમાં ગુજરાતી વિષય ફરજિયાત જ રાખવામાં આવે અને સાથોસાથ ઉચ્ચતર માધ્યમિકમાં પણ ગુજરાતી વિષય ફરજિયાત બનાવવામાં આવે. આ ઠરાવને જનક નાયકે સમર્થન આપ્યું હતું અને એને સાહિત્યપ્રેમીઓ દ્વારા વધાવી લેવામાં આવ્યો હતો.

### ભીલી મહાકાવ્યથી ગુજરાતી ભાષા સમૃદ્ધ બનશે

ભીલી મહાકાવ્ય વિશે ભગવાનદાસભાઈ પટેલે કહ્યું હતું કે, 'ભીલી મહાકાવ્ય મુખ્યત્ત્વે બે પ્રકારના છે. એક સામાજિક અને બીજા ધાર્મિક. સામાજિક મહાકાવ્યોમાં સમાજમાં બનતી હૃદયસ્પર્શી ઘટનાઓનો સમાવેશ થાય છે જ્યારે ધાર્મિક મહાકાવ્યોમાં પ્રાચીનકાળની વાત હોય છે. ભીલી મહાકાવ્યો એ અનુભવોની કાર્યશાળા છે. ગુજરાતી સાહિત્યમાં સંપૂર્ણ મહાકાવ્ય નથી ત્યારે ભીલી મહાકાવ્યોનો ગુજરાતી સાહિત્યમાં સમાવેશ કરવાથી ગુજરાતી ભાષા સમૃદ્ધ બનશે. લોકસાહિત્યના લીધે જ આપણને વાલ્મિકી, દાંતે અને વેદવ્યાસ જેવા મહાકવિઓ મળ્યા છે.'

### લોકસાહિત્યનો વાદક નાદ છે

લોકસાહિત્યનો વાદક નાદ છે, કાગળ પરના ટાઢાબોળ શબ્દો નહીં ત્યારે અહીં આદિવાસી સંગીત અને નૃત્યો રજૂ કરાયાં હતાં. સ્ક્રિન પર દેવઢોંગરી, ઢોલક અને કહાણે જેવાં આદિવાસી વાદ્ય વગાડતા આદિવાસીઓને બતાવવામાં આવ્યા હતા. થાળીકથાના ક્લિપિંગ્સ પણ રજૂ કરાયાં હતાં. થાળીકથામાં કાંસાની થાળી પર એક સળી વડે સંગીત વગાડીને કથા રજૂ કરાય છે. ફક્ત મહિલાઓ દ્વારા વગાડવામાં આવતું વાદ્ય દેરાવાદન પણ રજૂ કરાયું હતું. પ્રોફેસર વિક્રમભાઈએ આ આદિવાસી વાદ્યો રજૂ કરતાં કહ્યું હતું કે, આ તમામ વાદ્યો પ્રકૃત્તિનાં તત્ત્વોથી બનાવવામાં આવ્યાં છે.

### લોકકથા

લોકકથાના સ્વરૂપ વિષય પર જયાનંદભાઈ જોશીએ કહ્યું હતું કે, 'આખી દુનિયામાં જો કોઈ સર્વસામાન્ય વ્યસન હોય તો એ વાર્તા છે. વાર્તા એ દર્દ માટેની દવા છે. એ એક રીતે અપૂર્ણ ઇચ્છાઓને સાકાર કરવાનો એક માર્ગ છે. લોકકથા એ લોકરહસ્યનો ખજાનો છે. એમાં જીવનનું રહસ્ય રહેલું છે. આદિવાસી જીવનની છબિ આ લોકસાહિત્યમાં મળે છે. લોકકથા એ એક જ વ્યક્તિની કલ્પના કે અભિવ્યક્તિનું ફળ નથી. એની રચના કેવી રીતે થાય છે એ પણ જાણીએ. શરૂઆતમાં ટુચકા સ્વરૂપ હોય. એ પછી ધીમેધીમે એમાં નવું નવું ઉમેરાતું જાય અને તૈયાર થઈ જાય એકદમ રસપ્રદ લોકકથા. સ્થાનિક રંગો અને પાત્રોથી લોકકથાનો ઘાટ ઘડાતો જાય. બ્રાહ્મણ ગ્રંથો, ઉપનિષદ્, કથાસરિતસાગર, શ્રીમદ્ભાગવત્, રામાયણ અને કથાકોષ વગેરેના આદિસ્રોત લોકકથા છે.' ડાહ્યાભાઈ વાઢુએ કુંકણાકથાઓ વિશે માહિતી પૂરી પાડી હતી અને એક કથા પણ સંભળાવી હતી.

## ફૂરસદમાં પુસ્તક જેવા મિત્રને મળવું જોઈએ



ફર્સ્ટ પર્સન

**સ**રસ્વતીચન્દ્ર'ના લેખક ગોવર્ધનરામ ત્રિપાઠી સાથે અમારા પરિવારના પહેલાંથી સંબંધો હતા. હું પણ તેમને અનેકવાર મળતો રહેતો હતો. એક સાહિત્યરસિક તરીકે 'સરસ્વતીચન્દ્ર'ની કથા મારા દિલને સ્પર્શી ગઈ હતી. જોકે, એ સમયે મેં એના પર ફિલ્મ બનાવવાનો કે એના પર ફિલ્મ બની શકે એવો વિચારસુદ્ધા નહોતો કર્યો. જોકે, એક ઘટના ટર્નિંગ પોઇન્ટ પુરવાર થઈ. એક વખત અમે મિત્રો મળ્યા હતા. મેં મારા મિત્રોને કહ્યું કે, હિન્દી ફિલ્મો કરતાં બંગાળી અને અન્ય પ્રાંતની મૂવી સારી બને છે. હું બનાવું તો વાત અલગ છે. મારા મિત્રે મને સવાલ કર્યો કે, તું કઈ ફિલ્મ બનાવે? મારાથી અનાયાસે કહેવાઈ ગયું 'સરસ્વતીચન્દ્ર'. આ સાંભળી તેણે કહ્યું કે, તો બનાવ ફિલ્મ. મેં કહ્યું કે, ફિલ્મ બનાવવા પૈસા જોઈએ ને. તો તેણે થોડીવારમાં મારી સામે પાંચ હજાર રૂપિયાની નોટ ધરી. હું વિસ્મયથી જોતો રહ્યો. મને લાગ્યું કે 5000ની નોટ નકલી હશે એટલે મેં ચકાસણી પણ કરાવડાવી, પણ નોટ તો અસલી હતી. હવે મારે મારી ખરાઈ કરવાની હતી. આખરે આ ફિલ્મે મને સફળ ડિરેક્ટર બનાવ્યો. આનો બધો શ્રેય ગોવર્ધનરામ ત્રિપાઠીને ફાળે જાય છે. એમના થકી મારી ઓળખ બની. તેમની ચાર ભાગની મહાનવલકથાને ત્રણ કલાકમાં સમાવાઈ છે ત્યારે તેમની મૂળ કૃતિને થોડો અન્યાય થયો હોય શકે છે. આથી જ અમે 'સરસ્વતીચન્દ્ર'ને હવે સિરિયલ સ્વરૂપે પણ રજૂ કરવાના છીએ. એ સિવાય ગાંધીજીના જીવન પર એક ફિલ્મ બનાવવાનું પણ આયોજન છે. જેમાં ગાંધીજીના જીવન વિશેની એક અજાણી વાત રજૂ કરીશું. હું પહેલાંથી જ ગુજરાતી સાહિત્યથી પ્રભાવિત છું. આજે પણ સમય મળે ત્યારે કોઈ પુસ્તક હાથમાં લઈ લઉં છું. મને લાગે છે કે, બધાએ જ ફુરસદમાં પુસ્તક જેવા મિત્રને મળવું જોઈએ.

(ગોવિંદ સરૈયાએ અરવિંદ ગોંડલિયા સાથે કરેલી વાતચીત મુજબ)

